# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-04-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Monday** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

- લોકસભાની આગામી 26 એપ્રિલે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનોં આજે છેલ્લો દિવસ હતો.
- લોકસભાનો ચૂંટણી પ્રચાર વેગવાન બની રહ્યો છે- ભાજપના નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના રાહુલ ગાંધીએ જાહેર સભાઓ સંબોધી હતી.
- ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી દ્વારા કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા અંગે કરાયેલા અવલોકનો બાબતે કોંગ્રેસે કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ વિરોધ નોંધાવ્યો છે.
- ગુજરાતમાં મહિલા મતદારોની મતદાનમાં સહભાગીતા વધારવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.
- **NCERT**ના પાઠયપુસ્કોની સામગ્રીનો પૂર્વ મંજૂરી વિના વ્યવસાયિક ધોરણે ઉપયોગ કરનાર વ્યક્તિ કે સંસ્થા સામે કોપીરાઇટ ધારા હેઠળ કાયદેસર કાર્યવાહી કરાશે.

***************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## 2ND PHASE- NOMINATION WITHDRAWAL

લોકસભાની આગામી 26 એપ્રિલે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનોં આજે છેલ્લો દિવસ હતો. બીજા તબક્કામાં, 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અને બાહ્ય મણિપુર લોકસભા મતવિસ્તારના બાકીના ભાગની  લોકસભાની 88 બેઠકો માટે મતદાન યોજાશે.

આ બેઠકોમાં કેરળની લોકસભાની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ-આઠ, મધ્યપ્રદેશની સાત, આસામ અને બિહારની પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની દરેકની ત્રણ અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરની બેઠકો માટે 26મી એપ્રિલે મતદાન થશે. મતગણતરી આગામી ચોથી જૂને હાથ ધરાશે.

## ELECTION CAMPING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, દેશના દરેક પરિવારને સમૃધ્ધ બનાવવા અને દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાની મોદીની ગેરંટી છે. આજે છત્તીસગઢના બસ્તરમાં એક જાહેરસભામાં બોલતાં તેમણે કેન્દ્રની ભાજપ સરકારે છેલ્લા દસ વર્ષમાં લોકકલ્યાણ માટે શરૂ કરેલી યોજનાઓની વિગતો આપી હતી.

શ્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના ચંદ્રપુર અને ગઢચિરોલીના લોકસભા મતવિસ્તારોમાં જાહેર રેલીને સંબોધન કરતાં આજે જણાવ્યુ હતું કે, NDA સરકારના સતત પ્રયાસોને કારણે નક્સલવાદ માત્ર મહારાષ્ટ્રમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં નબળો પડ્યો છે. તેમણે સમાજના વંચિત

વર્ગના ઉત્થાન માટે કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલા કાર્યોની વિગતો આપી હતી.

ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહે નમક્કલમાં રોડ-શો દરમિયાન સંબોધન કરતાં જણાવ્યું હતું કે, દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું ધ્યેય કેન્દ્રની એનડીએ સરકાર ધરાવે છે. તેમણે દાવો કર્યો કે, દેશમાં કૃષિ અને માળખાકીય વિકાસની સાથે સાથે દેશનું અર્થતંત્ર ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આજે મધ્યપ્રદેશમાં ધનૌરા, સિવની અને શાહડોલમાં જાહેર સભાઓને સંબોધિત કરી હતી. તેમના સંબોધનમાં શ્રી ગાંધીએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં ખેડૂતો માટે લોન માફી, એમએસપીનો અમલ અને આદિજાતિ સમુદાય માટે પક્ષ દ્વારા અપાયેલા વચનોનો ઉલ્લેખ કર્યો હતો.

## PREZ/ VP- FESTIVALS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે લોકોને ઉગાદી, ગુડી પડવા, ચેટીચાંદ, ચૈત્ર શુક્લાદી, નવરેહ અને સાજીબુ ચેઈરોબાની પૂર્વ સંધ્યાએ શુભેચ્છાઓ પાઠવી છે. શ્રી ધનખરે જણાવ્યું હતું કે, વિવિધ નામોથી આ તહેવાર ઉજવવામાં આવે છે પરંતુ તેના મૂળમાં સમાન આનંદ સાથે, આ તહેવારો આપણા રાષ્ટ્રના વિવિધ ખૂણામાં પરંપરાગત નવા વર્ષની શરૂઆતને દર્શાવે છે, જે આશા, સમૃદ્ધિ અને નવીનીકરણનું પ્રતીક છે. ઉપરાષ્ટ્રપતિએ લોકોને વિવિધતામાં એકતાની ભાવના ઉજાગર કરવા આહ્વાન કર્યું હતું. તેમણે આશા વ્યક્ત કરી કે આ

નવું વર્ષ સૌના જીવનમાં સમૃદ્ધિ, ખુશીઓ અને સારા સ્વાસ્થ્ય લઈને આવશે.

## CONGRESS-EC

કોંગ્રેસે ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી દ્વારા કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા અંગે કરાયેલા અવલોકનો બાબતે કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ વિરોધ નોંધાવ્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુરશીદના વડપણ હેઠળ પક્ષના પ્રતિનિધી મંડળે આજે દિલ્હીમાં ચૂંટણી પંચ સમક્ષ વિરોધ નોંધાવ્યો છે.

કોંગ્રેસે આ મુદ્દાને ગંભીરતાથી લઇને આ અંગે કાર્યવાહી કરવાની વિનંતી ચૂંટણીપંચને કરી છે. દરમિયાન, કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ જણાવ્યું છે કે, કોંગ્રેસે યુનિવર્સીટીઓમાં પ્રધાનમંત્રીના હોર્ડિંગ લગાવવા તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કેટલીક યુટ્યુબ ચેનલો ઉપર પ્રતિબંધ મુકવાનો મુદ્દો પણ ઉઠાવ્યો છે.

તેમણે કહ્યું કે, અત્યારે લોકસભાની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઇ છે ત્યારે ચૂંટણી પંચે આ બાબતે ગંભીરતાથી વિચારણા કરવાની જરૂર છે.

## CONGRESS-BJP

કોંગ્રેસે સત્તાધારી ભાજપ પોતાના દસ વર્ષના કાર્યકાળમાં કરેલી કામગીરી દર્શાવવાના બદલે દેશમાં ધર્મના આધારે વિભાજન કરી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. નવી દિલ્હીમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં કોંગ્રેસના પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતે ભાજપના વરિષ્ઠ નેતા અને

પ્રધાનમંત્રીએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા અંગે કરેલા અવલોકનને વખોડી કાઢ્યો છે.

ઉલ્લેખનીય છે કે, શ્રી મોદીએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા ઉપર મુસ્લિમ લીગની છાપ હોવાનો આક્ષેપ કર્યો હતો. દરમિયાન, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ પણ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાની ટીકા કરતાં જણાવ્યું છે કે, આ ચૂંટણી ઢંઢેરો કોંગ્રેસનો છે કે મુસ્લિમ લીગનો તે બાબત સ્પષ્ટ થતી નથી.

## AAP- BJP

આમ આદમી પક્ષના નેતા સંજયસિંહે વર્તમાન ભાજપ સરકાર સામે ઇલેક્ટ્રલ બોન્ડના નામે ભ્રષ્ટાચાર કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે એવો દાવો કર્યો છે કે, ભાજપને દાન આપનાર કંપનીઓને વેરામાં રાહતો અપાઇ છે. તેમણે વધુમાં કહ્યું કે, જે ૩૩ કંપનીઓએ છેલ્લા સાત વર્ષમાં એક લાખ કરોડ રૂપિયાથી વધુની ખોટ કરી છે એવી કંપનીઓએ ભાજપને 450 કરોડ રૂપિયાનું ડોનેશન આપ્યું છે.

એવી જ રીતે, કેટલીક કંપનીઓએ પોતાને થયેલા લાભથી પણ વધુ ડોનેશન ભાજપને આપ્યું છે. ઉલ્લેખનીય છે કે, સર્વોચ્ચ અદાલતે દિલ્હી એક્સાઇઝ નિતી કેસમાં આપના નેતા સંજયસિંહના જામીન મંજૂર કર્યા બાદ તેઓએ સત્તાધારી પક્ષ સામે આક્રમક વલણ અપનાવ્યું છે.

## GUJ. ELECTION

ગુજરાતના 13 હજાર કરતાં વધુ મતદાન મથકોમાં મહિલા મતદારોની મતદાનમાં સહભાગીતા વધારવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં કુલ મતદાન 50 ટકા કરતાં ઓછું હોય તેવા લગભગ 13 હજાર મતદાન મથકોની ઓળખ કરવામાં આવી છે. આ મતદાન મથકો પર મતદાનનું પ્રમાણ વધે, તે માટે ગ્રામીણ કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીઓ અને શહેર કક્ષાએ નાયબ મ્યુનિસિપલ કમિશનર્સની, મતદાન અમલીકરણ યોજનાના નોડલ ઓફિસર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

રાજ્યના તારવી કઢાયેલા લગભગ 13 હજાર મતદાન મથકો પર મહિલાઓના મતદાનનું પ્રમાણ વધે તે માટે રાજ્યભરમાં મતદાન કરવા અનુરોધ કરતી 20 લાખથી વધુ આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવશે.

આ ઉપરાંત ઓછા મતદાનના કારણો અંગે ચર્ચા કરવા તેમજ મહત્તમ નાગરિકો મતદાન કરે તે માટેના પ્રયાસો કરવા તમામ મતદાન મથકો પર ચૂંટણી પાઠશાળાનું આયોજન કરવા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશ અપાયા છે.

જે અંતર્ગત આશા વર્કર, આંગણવાડી કાર્યકર, બુથ લેવલ ઑફિસર, શાળાના આચાર્ય, તલાટી, ગ્રામ સેવક, ગામના બિનરાજકીય સામાજિક આગેવાન અને સ્વસહાય જૂથના સભ્યો દ્વારા શેરી બેઠકો યોજવામાં આવશે.

**Modi Parivar Sabha**

રાજ્યભરમાં આજથી ભાજપ દ્વારા મોદી પરિવાર સભાની શરૂઆત કરવામાં આવી છે. રાજયમાં દર ત્રણ શક્તિ કેન્દ્રદીઠ અથવા દસથી બાર બુથ વચ્ચે એક મોદી પરિવાર સભા યોજાશે.

અમદાવાદ મીડીયા સેન્ટર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં પ્રદેશ મહામંત્રી રજની પટેલ અને ચૂંટણી વ્યવસ્થાપન સમિતિના સંયોજક આઇ.કે.જાડેજાએ મોદી પરિવાર સભા અંગે માહિતી આપતાં જણાવ્યું કે, મોદી પરિવાર સભામાં 700 જેટલા વકતાઓ કેન્દ્રની એનડીએ સરકારે છેલ્લા દસ વર્ષમાં કરેલા વિવિધ વિકાસકામોની માહિતી નાગરિકોને આપશે.

## NCERT-COPYRIGHT

રાષ્ટ્રીય શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ- NCERT એ જણાવ્યું છે કે, તેમના પાઠ્યપુસ્કોની સામગ્રીનો પૂર્વ મંજૂરી વિના વ્યવસાયિક ધોરણે ઉપયોગ કરનાર વ્યક્તિ કે સંસ્થા સામે કોપીરાઇટ ધારા હેઠળ કાયદેસર કાર્યવાહી કરાશે.

સત્તાવાર યાદીમાં વધુમાં જણાવ્યું છે કે, જો કોઇ નાગરિકને NCERTના પાઠ્યપુસ્તકોના આધારે પૂર્વ મંજૂરી વગર શૈક્ષણિક સામગ્રીનો ઉપયોગ થયેલો જણાય તો તે નાગરિકને pd- ડોટ- ncert at nic ડોટ in ઇન પર તરત જ જાણ કરવા નિર્દેશ અપાયો છે.

## IPL

આઇ.પી.એલ ક્રિકેટ સ્પર્ધાની ચેન્નાઇમાં રમાઇ રહેલી લીગ મેચમાં ચેન્નાઇ સુપર કિંગ્સ ટીમે ટોસ જીતીને પહેલા ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે કોલકત્તા નાઇટ રાઇડર્સ ટીમે પાંચ ઓવરમાં 1 વિકેટે 50 રન કર્યા છે.

# MUST ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત...

આકાશવાણી પરથી આજે રાત્રે સાડા નવ વાગ્યે પ્રસારિત થનાર પબ્લિક સ્પીક ફોન ઇન કાર્યક્રમમાં અદના નાગરિક માટે ઉપલબ્ધ પેન્શનના વિકલ્પો આ વિષય ઉપર ચર્ચા પ્રસારિત થશે. જેમાં આર્થિક બાબતોના નિષ્ણાંત બળવંત જૈન અને શરદ કોહલી ભાગ લેશે.

શ્રોતાઓ આ કાર્યક્રમ દરમિયાન પોતાના પ્રશ્નો વક્તાઓને પૂછી શકે છે. આ માટે શ્રોતાઓ ટેલિફોન નંબર 011 - 23421050 અને 011 – 23314444 તેમજ વોટ્સએપ નંબર 9289094044 દ્વારા પોતાના પ્રશ્નો રજૂ કરી શકશે. આ કાર્યક્રમ આકાશવાણીની ગોલ્ડ ચેનલ અને વધારાની ફ્રિકવન્સીઓ પરથી પ્રસારીત થશે.

## અગત્યની જાહેરાત પૂરી થઇ....

# PARIVARTAN CHINTAN

સેનાના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે દેશની સેનાની યુધ્ધ ક્ષમતા અને અસરકારક કામગીરીની ક્ષમતા વધારવા માટે

આગવી વ્યવસ્થા ઉભી કરવાની જરૂર ઉપર ભાર મૂક્યો છે. આજે દિલ્હીમાં સેનાની ત્રણેય પાંખોના અધિકારીઓની યોજાયેલી પરિવર્તન ચિંતન પરિષદમાં તેઓ સંબોધન કરી રહ્યા હતા.

તેમણે કહ્યું કે, આ હેતુથી સેનાની ત્રણેય પાંખોની ક્ષમતાઓનું સંકલન કરવું જરૂરી છે. આ બેઠકમાં સેનાના અધિકારીઓએ રાષ્ટ્રીય સલામતી અને નાગરિકોને અસર કરતાં વ્યૂહાત્મક મુદ્દાઓ અંગે પણ વિગતવાર ચર્ચા કરી હતી.

ચીફ ઓફ સ્ટાફ કમિટીના લેફ્ટનન્ટ જનરલ જે.પી. મેથ્યુએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ પ્રકારની પરિષદ સેનાની ભાવિ વ્યૂહ રચના અને સજ્જતા ઘડવામાં મદદરૂપ થશે.